જા.નં./મા-૨/ STEM ક્વિઝ/૨૦૨૧/૪૯

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા.૦૧/૦૧/૨૦૨૨

ઉક્ત પત્રની જાણ તથા અમલવારી કરવા સારૂ,
ખાસ અગત્યતા આપી બાળકોનું મહત્તમ નોંધણી થાય તેવા પ્રયત્ન કરવા અને તેનું સ્ટેટસ જીલ્લા [illegible] વિજ્ઞાન કેન્દ્ર સુરતને આપવા યોગ્ય કરવા સારુ.

([illegible])
જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત. જિ. સુરત.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જીલ્લાની સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ.
જી.સુરત

Scanned with CamScann

ક્રમાંક : ધ/માધ્ય/પરચ/STEM/૨૦૨૧-૨૨/૨૨૩૬૦-૬૧
કમિશનર,શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧,ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર.
તારીખ: ૩૦/૧૨/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.

વિષય: ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે આયોજિત સ્ટેમ ક્વિઝ બાબત.
સંદર્ભ : ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજીનો તા.૨૩/૧૨/૨૦૨૧ નો પત્ર

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત કાઉન્સિલ એન્ડ સાયન્સ અને ટેકનોલોજી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગાંધીનગર દ્વારા ગુજરાત સ્ટેમ ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્ટેમ કવીઝની ઔપચારિક જાહેરાત શિક્ષણ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી દ્વારા ૧૯મી ડિસેમ્બર, ૨૦૨૧ ના રોજ કરવામાં આવી હતી. ગુજરાત સ્ટેમ ક્વિઝનું ધ્યેય વિદ્યાર્થીઓમાં સાયન્સ, ટેક્નોલોજી, ઇજનેરી અને ગણિત (સ્ટેમ) ક્ષેત્રે ઉત્સાહ વધારવાનું અને પ્રેરણા આપવાનું છે. આ કવીઝના માધ્યમથી રાજ્યના વિદ્યાર્થીઓમાં સ્ટેમ બાબતે ભાગ લેવામાં, જ્ઞાનમાં અને જાગૃતિમાં અભિવૃદ્ધિ થશે.

આ કાર્યક્રમ અંગે વિશેષ માહિતી મેળવવા માટે જીલ્લાના લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા ગુજકોસ્ટ કચેરીનો સંપર્ક કરવાનો રહેશે. આ ક્વિઝ માટે રજીસ્ટ્રેશન શરૂ થઈ ગયેલ છે. જે ૧૯ જાન્યુઆરી ૨૦૨૨ સુધી ચાલુ રહેશે. સ્પર્ધાની તારીખ અને અન્ય તમામ વિગતો માટે જીલ્લાના લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા ગુજકોસ્ટ કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

૧. આ કવીઝ જીલ્લા અને રાજ્ય સ્તરની સ્પર્ધા ઓનલાઇન માધ્યમથી યોજવામાં આવશે. અંતિમ સ્પર્ધા ઓફલાઇન માધ્યમથી યોજવામાં આવશે. કવિઝની ભાષા ગુજરાતી / અંગ્રેજી હશે.

૨. આ ક્વિઝમાં ગુજરાત રાજ્યના કોઈપણ બોર્ડ અથવા માધ્યમના ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ / વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકે છે. કોઈ પણ પ્રકારની નોંધણી ફીઝ રાખવામાં આવેલ નથી.

૩. સાયન્સ, ટેક્નોલોજી, ઇજનેરી અને ગણિત (સ્ટેમ) ક્ષેત્રે હાલના વિકાસ અને વલણો પર આધારિત પ્રશ્નો પૂછવામાં આવશે. ક્વિઝના પ્રશ્નો મુખ્યત્વે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરના રહેશે.

૪. વધુ માહિતી અને ક્વિઝનું રજીસ્ટ્રેશન: https://gujcost.co.in/ પરથી કરવાનું રહેશે.

ઉપરોકત ક્વિઝમાં રાજ્યની દરેક શાળાના ધોરણ ૯ થી ૧૨ ના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જોડાય અને ભાગ લે તે માટે આપની કક્ષાએથી આપના તાબા હેઠળની તમામં શાળાઓને જાણ કરવા તેમજ યોગ્ય કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર.

Scanned with CamScanner

**DISTRICT COMMUNITY SCIENCE CENTRE**
[Affiliated with GUJCOS, DST, GoG- Gandhinagar]
C/o.-Vasudev Smart Primary School no. 04 building,
Opp.-SMC Quarters, Nr. Balajinagar, Piplod , Surat-395007
Tel. No. (0261) 2255600 Mo.7567924501.
E-mail : jaybharatiesc@gmail.com, www.jaybharatiesc.org

Managed by:
JBF- Surat

GUJCOST,
DST, GoG-
Gandhi'r

Ref: no.CSC-Srt/STEM Quiz./ 2021-22 Dt. 29/12/2021

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક શાળાઓ,
જિ. સુરત

વિષય: ગુજકોસ્ટ દ્વારા ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે STEM ક્વિઝ સ્પર્ધાનું આયોજન

(ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે એક કરોડ સુધીના ઇનામો જીતવાની સુવર્ણ તક)

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌધોગીકી વિભાગ(DST)ના ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી(GUJCOST)- ગાંધીનગર દ્વારા ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સાયન્સ, ટેકનોલોજી, એન્જીનીયરીંગ અને મેથેમેટિક્સ(STEM) ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે . સ્પર્ધા સૌપ્રથમ ઓનલાઈન માધ્યમથી જીલ્લા કક્ષાએ અને ત્યારબાદ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ (૨૮-ફેબ્રુઆરી ૨૦૨૨) ના ગુજરાત સાયન્સ સીટી ખાતે ફાઈનલ યોજાશે . જેમાં ટોચના ૨ હજાર વિદ્યાર્થીઓને ગુજરાત સાયન્સ સીટી ખાતે નિશુલ્ક ટુર કરાવવામાં આવશે અને વિજેતા વિદ્યાર્થીઓને ૧ કરોડ સુધીના ઇનામો પુરસ્કાર રૂપે આપવામાં આવશે..આ સ્પર્ધામાં એક શાળામાંથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે.જેમાં ભાગ લેવા માટે ફરજીયાત ૧૯ જાન્યુઆરી ૨૦૨૨ સુધીમાં નીચે આપેલી વેબસાઇટ પર આપેલી લીંક રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

https://gujcost.gujarat.gov.in આ વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. આ સ્પર્ધા ગુજરાતી અને અંગ્રેજી એમ બને ભાષામાં રહેશે .આ સ્પર્ધામાં રજિસ્ટ્રેશન કરેલા વિદ્યાર્થીઓને સોફ્ટ કોપીમાં પ્રશ્નબેંક પણ આપવામાં આવશે .સુરત જિલ્લામાંથી ભાગ લેવા માંગતા વિદ્યાર્થીઓને આ ક્વિઝ વિષે વધુ માહિતી માટે મેળવવા માટે જયભારતી જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર(CSC) -સુરતના ડાયરેકટર શ્રી જી.એન.કાકડિયા ૭૫૬૭૯૨૪૫૦૧. વિધિ લીલા-૭૦૯૬૭૭૯૯૫૩ અથવા પિનાકીન પુરાણિક ૮૮૬૬૫૩૧૮૮૧ પર સંપર્ક કરવો.
અથવા આ લીંક પરથી સીધી નોંધણી પણ કરી શકશે. https://t.co/KmEs0A3QM5

ખાસ નોંધ: આપની શાળામાંથી બાળકો મહત્તમ રજીસ્ટ્રેશન થાય તેવા પ્રયત્ન કરવાના રહેશે.
આભાર સહ....

આભાર સહ....

જી. એન. કાકડિયા, ડાયરેક્ટર, CSC-સુરત
સામેલ: પ્રોગ્રામનું પોસ્ટર

Scanned with CamScanner